Virtual Schools

મા ર્ચ 2021

## TDSB વર્ચ્યુઅલ માધ્યમિક શાળા પારિવારિક સમાચારપત્ર

વર્ચ્યુઅલ શાળાના સમાચારપત્રના માર્ચ 2021ના અંકમાં તમારું સ્વાગત છે. અમે આશા રાખીએ છીએ કે આ માસિક પ્રકાશન તમને માહિતી અને અપડેટ્સનો સારો સ્રોત લાગી રહ્યું હશે, જે ફક્ત વર્ચ્યુઅલ સ્કૂલમાં જ નહીં પરંતુ સમગ્ર TDSBમાં શું થઈ રહ્યું છે તેના વિશે માહિતગાર રહેવામાં સહાય કરે છે.

તમે જાણો છો એમ, શિક્ષણ મંત્રાલયે માર્ચ બ્રેકમાં વિલંબ કર્યો છે તેથી હવે અમે 12 થી 16 એપ્રિલ સુધીના આગામી વિરામની રાહ જોઇ રહ્યા છીએ. અમે આશા રાખીએ છીએ કે તમામ વિદ્યાર્થીઓ અને પરિવારો થોડા સમયનો આનંદ માણશે, કારણ કે દરેક જણ માટે આ એક વ્યસ્ત અને પડકારજનક વર્ષ રહ્યું છે. વધુ માહિતી અને અદ્યતન વિગતો માટે કૃપા કરીને www.tdsb.on.ca/virtualschool ની મુલાકાત કરો અને ટવીટર પર @tdsbvs ને અનુસરો.

## COVID સંવત્સરી દરમિયાન માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને મદદ કરવી

11મી માર્ચના અઠવાડિયે વૈશ્વિક મહામારી COVID-19 ની સંવત્સરી હતી, જેણે આપણા જીવનને કાયમ માટે બદલી નાખ્યું છે. તે એક પડકારજનક વર્ષ રહ્યું છે અને આપણે ભારે અનિશ્ચિતતા અને જબરદસ્ત ફેરફારોનો સામનો કરવો પડ્યો છે. મહામારીએ જુલમ વિરોધ વિશે સમીક્ષાત્મક સંવાદ કરવાની સામાજિક અસમાનતાઓ પર પ્રકાશ પાડ્યો છે. જો કે અમે રોગચાળાના માનસિક તણાવ અને બોજને ઓળખીએ છીએ, તેમ છતાં અમે શક્તિઓ, સમુદાયના નિર્માણ અને આપણી દૃઢતાને પણ જાણીએ છીએ.

ભણતરના ફેરફારો અને પડકારોનું આપણાં બાળકો માટે જે પરિણામ આવ્યું છે તે આપણને એ ચિંતન કરાવે છે કે આપણે કેવી રીતે આવા સમયમાં સ્થિતિસ્થાપકતા, કરુણા અને એક બીજાની તથા પોતાની સંભાળ રાખવાને લીધે ટકી રહ્યા છીએ.

શિક્ષણના નિયામક અને સહાયક નિયામકોના સંપૂર્ણ સંદેશાઓ વાંચો Read the full message from the Director of Education and Associate Directors

## સ્મૃતિપત્ર: માર્ચ બ્રેકની તારીખોમાં ફેરફાર

શિક્ષણ મંત્રાલયે માર્ચ બ્રેકમાં વિલંબ કર્યો છે. એ બ્રેક હવે એપ્રિલની **12 થી 16, 2021** છે.

## ક્વાડ 3 વિદ્યાર્થી સિદ્ધિનો સંદેશો

ક્વાડ 3 માટે મીડટર્મ રિપોર્ટ કાર્ડ નથી, પણ માર્ચ 22થી 26ના સપ્તાહમાં શિક્ષકોએ વિદ્યાર્થીઓ અને માતાપિતાને વર્તમાન ગુણની જાણ કરી છે.

માતાપિતા/વાલી – શિક્ષકની *ઔપચારિક* પરિષદ નહીં યોજાય. તેમ છતાં, માતાપિતા / વાલીઓને 29 માર્ચથી 1 એપ્રિલ વચ્ચે વિદ્યાર્થીઓની પ્રગતિની ચર્ચા કરવા માટે પરસ્પર અનુકૂળ સમય ગોઠવવા આમંત્રણ છે. કૃપા કરીને સમય ગોઠવવા માટે ઇમેઇલ દ્વારા તમારા બાળકના શિક્ષક (કો) નો સંપર્ક કરશો.

## ડિરેક્ટરનો વાર્ષિક અહેવાલ

ડિરેક્ટરનો વાર્ષિક અહેવાલ 2020 ગત વર્ષે સમગ્ર TDSB માં થયેલા મહત્વપૂર્ણ કાર્ય અને 'મલ્ટિ યર સ્ટ્રેટેજિક પ્લાન' – બહુવિધ વર્ષ વ્યુહાત્મક આયોજન - ની થયેલી પ્રગતિ પર પ્રકાશ પાડે છે. રિપોર્ટ ઓનલાઇન વાંચો Read the report online

## ટોરન્ટો પબ્લિક હેલ્થ (TPH) રસીની અદ્યતન માહિતી

ટોરન્ટો શહેરમાં રસીકરણનું આયોજન જ્યારે આગળ વધતું જાય છે ત્યારે, વધુ જાણકારી માટે કૃપા કરીને TPH વેબસાઇટની મુલાકાત લો visit the TPH website

Virtual Schools

માર્ચ 2021

## નવી આઉટડોર લર્નિંગ વેબસાઇટ

સલામત રીતે બહાર નીકળવું હવે પહેલા કરતા વધારે મહત્વનું છે. વિદ્યાર્થીઓને, પરિવારો અને સ્ટાફને સલામત અને શૈક્ષણિક રીતે બહારથી વધુને વધુ મદદ કરવામાં સહાય માટે, TDSBએ નવી આઉટડોર લર્નિંગ વેબસાઇટ શરૂ કરી છે.
નવી વેબસાઇટ આજે જ જુઓ! Explore the new site today!

## ઓન્ટારિઓ સેકન્ડરી સ્ટુડન્ટ લિટરસી ટેસ્ટ(OSSLT) અદ્યતન માહિતી

આ વર્ષે, EQAO ઓન્ટારિઓ સેકન્ડરી સ્ટુડન્ટ લિટરસી ટેસ્ટ (OSSLT)ના એક નવા ઓનલાઇન ટેસ્ટની વાસ્તવિક ચકાસણી કરે છે. આ વાસ્તવિક ચકાસણીમાં ભાગ લેવાનું ફરજિયાત નથી અને TDSB એ તેમાં ભાગ નહીં લેવાનું નક્કી કર્યું છે. વધુ જાણકારી અહીં મેળવો. Learn more here

## TDSB વાતચીત શ્રેણી

પરિવારોને એવા વિષયો પરની આકર્ષક અને માહિતીપ્રદ વાતચીતોની શ્રેણીમાં જોડાવા આમંત્રણ આપીએ છીએ જેના વિશે અમને ખબર છે કે તમે વધુ જાણવા માંગતા હોવ છો. અગ્રણી નિષ્ણાતો પાસેથી સાંભળો અને ઓનલાઇન પ્રશ્નો અને જવાબનાં સત્રોમાં ભાગ લો. હવે આવી રહેલાં સત્રોની તારીખો અને વિગતો Dates and details about upcoming sessions

## માનવ અધિકારો - વાર્ષિક અહેવાલ

TDSB એ તાજેતરમાં પોતાનો સર્વપ્રથમ માનવ અધિકારો વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો. તે અહેવાલ વાંચવા, કોઇ બનાવ નોંધાવવા, નીતિઓ તથા પ્રક્રિયાઓ જાણવા અને કોઇ પ્રશ્ન-જવાબ વાંચવા, હ્યુમન રાઇટ્સ વેબસાઇટની મુલાકાત કરો

## TDSB ઉજવે છે ગ્રીક હેરિટેજ મહિનો

ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડમાં માર્ચ એ ગ્રીક હેરિટેજ મહિનો છે. આ કેનેડામાં ગ્રીક કેનેડિયનોની સિદ્ધિઓ અને યોગદાનોને ઓળખવાની અને તેને ઉજવવાની એક તક અને ગ્રીક સંસ્કૃતિની નોંધ લેવાનો અને ગ્રીક સંસ્કૃતિને માણવાનો પ્રસંગ હોય છે. વધુ જાણો

આ વર્ષની થીમ છે:
**1821-2021**
**સ્વતંત્રતા અને એકતા – Ελευθερία και Ενότητα**
**આપણા ભૂતકાળમાંથી શીખીએ... ભાવિને ઘડીએ**

## માર્ગદર્શક ટીમ તરફથી સમાચાર

### પોસ્ટ-સેકન્ડરી સ્મૃતિપત્રો

- જે વિદ્યાર્થીઓએ ઓન્ટારિઓની કોલેજો અને યુનિવર્સિટીઓને અરજી કરી છે તેમને OCAS અથવા OUACની ફાઇલ પરની પોતાની શૈક્ષણિક માહિતીની સમીક્ષા કરવા OCAS website અથવા OUAC website પર પોતાની ઓનલાઇન અરજીમાં નિયમિત લોગઇન કરવા સલાહ આપવામાં આવે છે. જો ફેરફારો જરૂરી હોય તો, Virtual Secondary School OCAS/OUAC Account Issues Google Form. નો ઉપયોગ કરીને VSS ગાઇડન્સ ટીમનો સંપર્ક કરવા સલાહ આપવામાં આવે છે.

- જો તમે ઓન્ટારિઓથી બહારની કોલેજ અથવા યુનિવર્સિટીમાં અરજી કરી હોય અને તમારી અરજી માટે મદદની જરૂર હોય, તો કૃપા કરીને તમારા હોમ સ્કૂલ ગાઇડન્સ કાઉન્સેલરનો સંપર્ક કરો. ઓન્ટારિઓથી બહારની કોલેજ અથવા યુનિવર્સિટી TDSB વર્ચ્યુઅલ સ્કૂલ માટેના *Mident* નંબરની વિનંતી કરતા હો તો તે 936990 છે.

### ક્વાડ 3 ગ્રેડ 11 અને 12ના અભ્યાસક્રમો માટે ફુલ ડિસ્ક્લોઝરની તારીખ

- VSSમાં પ્રવેશ મેળવેલા ગ્રેડ 11 અને 12ના અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ માટે સ્મૃતિપત્ર છે કે ફુલ ડિસ્ક્લોઝરની તારીખ **મંગળવાર એપ્રિલ 6, 2021** છે.

- જો ગ્રેડ 11 અથવા 12 ના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર કોઇ વિદ્યાર્થી તે છોડવા માંગે અને તે પોતાની સત્તાવાર ટ્રાંસ્ક્રિપ્ટ પર એ અભ્યાસક્રમ પ્રદર્શિત કરવા માંગતા ન હોય, તો તેમણે 6 એપ્રિલ, 2021, મંગળવાર 3 વાગતા સુધીમાં અભ્યાસક્રમ અચૂક પાછો ખેંચવો (ડ્રોપ કરવો) જ જોઇશે. જો ગ્રેડ 11 અથવા 12ના અભ્યાસક્રમનો કોઈ વિદ્યાર્થી ફુલ ડિસ્ક્લોઝરની તારીખ

પછી કોર્સમાંથી પાછો ખેંચાશે, તો તેમની સત્તાવાર ટ્રાંસ્ક્રિપ્ટ પર, એ કોર્સ પાછો ખેંચી લેવાની તારીખે જે કોઇ ગુણ હશે તે W (વિથડ્રોઅલ) સહિત  દેખાશે.

- કોઇ અભ્યાસક્રમમાંથી પરત ખેંચાવા (ડ્રોપ થવા) વિદ્યાર્થીઓએ અચૂક પોતાના OSR (હોમ) સ્કૂલ ગાઇડન્સ કાઉન્સેલરના સંપર્કમાં આવીને પરત ખેંચાવાની વિનંતિ કરવાની રહેશે. જો વિદ્યાર્થી 18 વર્ષથી ઓછી વયના હોય તો તેમના પરત ખેંચવા માતાપિતા/વાલીએ OSR (હોમ) સ્કૂલ ગાઇડન્સ કાઉન્સેલરનો સંપર્ક કરવાની આવશ્યકતા રહેશે.

## VSS વહીવટકર્તાઓ વર્ચ્યુઅલ વર્ગોમાં જોડાય છે

વહીવટકર્તાઓ જે રીતે રૂબરૂ વર્ગોમાં જતા હતા એમ ઘણીવાર VSS વર્ગોમાં પહોંચી જતા હોય છે. એક વહીવટકર્તાએ નીચેનો અનુભવ શેર કર્યો:

“મને મારા શિક્ષક સાથીઓના વર્ગખંડોમાં મુલાકાત લેવાની તક મળી હતી. ચેટ સ્પેસમાં ટેક્સ્ટ કરવાથી લઇને હવાઇમાં જ્વાળામુખીની પ્રવૃત્તિ, પાકિસ્તાનમાં ભૂકંપ અને હવામાન પરિવર્તન પર સારી રીતે  સંશોધિત અને સંગઠિત જૂથ પ્રસ્તુતિઓ સુધીના અનુભવો છે.

મેં વર્ચુઅલ વાતાવરણમાં સામનો કરવાના પડકારોની નોંધ લીધી, પરંતુ જોયું કે શિક્ષકો તેને પહોંચી વળવા તૈયાર છે અને વિદ્યાર્થીઓને સહજ રીતે શીખવાના અનુભવો પ્રદાન કરવા માટે તકનીકી નિપુણતા પ્રાપ્ત કરે છે.

## માઇન્ડફેસ્ટ

ફેમિલી સ્ટડીઝ ડિપાર્ટમેન્ટે માધ્યમિક અને માધ્યમિક પછીના વિદ્યાર્થીઓના માનસિક આરોગ્યને મદદ કરવા યુનિવર્સિટી ઓફ ટોરન્ટોના મનોચિકિત્સા વિભાગ દ્વારા આયોજિત વાર્ષિક ઉત્સવ *માઇન્ડફેસ્ટ* (માર્ચ 8 થી 12)ને પ્રોત્સાહિત કર્યો. આ વર્ષે કાર્યશાળાઓ, મહામારી દરમિયાન માનસિક આરોગ્યને સાચવવાના સંઘર્ષના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરી, સંપૂર્ણપણે ઓનલાઇન ચાલી.

ડો. કેનેથ ફંગનું એક ઓનલાઇન રેકોર્ડિંગ અહીં જુઓ: *Cultivating Resilience and Joy during the pandemic*.

## VSSમાં કો-ઓપ: વાસ્તવિક દુનિયા, ઓનલાઇન

વિદ્યાર્થીઓ VSSમાં કો-ઓપ શિક્ષણના ઘણા બધા ક્ષેત્રમાં નિયુક્તિની મઝા લઇ રહ્યા છે. તેઓ તેમની સંદેશાવ્યવહાર કુશળતાને સુધારી રહ્યા છે અને પોતાના રેઝ્યુમે તૈયાર કરવા દરમિયાન આત્મવિશ્વાસ અને સંબંધો બનાવવાની ક્ષમતા વિકસાવવાનું ચાલુ રાખે છે. જે આકર્ષક કારકિર્દીની શોધ કરવામાં આવી રહી છે તે પૈકીની કેટલીકમાં આનો સમાવેશ થાય છે: શિક્ષક સહાયક, આરોગ્ય ક્ષેત્રમાં કારકુની સહાયક, પત્રકારત્વ, નાણાંકીય વિશ્લેષણ, બિનનફાકારક કામ, ઇન્ટિરિયર ડિઝાઇન, પર્યાવરણ વિજ્ઞાન, પરિવહન, કાયદાનું અમલીકરણ, તથા બાંધકામ અને ડિઝાઇનની તપાસ. શિક્ષકો સતત અહેવાલ આપે છે કે વિદ્યાર્થીઓના સુપરવાઇઝર વિદ્યાર્થીઓ જે સમર્પણ અને પ્રતિબદ્ધતા દર્શાવે છે તેનાથી પ્રભાવિત થાય છે. શાબ્બાશ!

કો-ઓપ વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ રીતે નિયુક્ત કરાવવામાં અત્યંત પડકારજનક જગ્યાઓ પૈકીની એક, રૂબરૂમાં કરવાનાં તકનિકી કામોની જગ્યા હોય છે,, પરંતુ થોડી સૃજનશિલતા સાથે એક કો-ઓપ શિક્ષકે પરિવહન ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓની જરૂરિયાતોને પૂરી કરવા એક ઓટો શિક્ષક સાથે મળીને “કો-ઓપ પરિવહન અનુભવ” વિકસાવ્યો.

બીજા ક્વાડમાં પરિવહન અનુભવ સાપ્તાહિક મહેમાન વક્તાઓ બોલાવવા સુધી વિસ્તર્યો છે જેમાં સમાવિષ્ટ છે ઓન્ટારિઓ યુથ એપ્રેન્ટિસશીપ પ્રોગ્રામ, TDSB ઓટો પ્રોગ્રામ્સ, સેન્ટેનિઅલ કોલેજ પ્રોગ્રામ્સ અને સિટિ ઓફ ટોરન્ટો ફ્લિટ સર્વિસિસ. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવતા હોય છે અને એ તમામ તેમને જે વિભાગો અને વિષયો અંગે વધુ ભણવું હોય તેની પસંદગી કરતા હોઇ વ્યસ્ત રહે છે.

એક એવા વર્ષ દરમિયાન જ્યારે બધું બદલાઇ ગયું છે, ત્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઓનલાઇન વિશ્વમાં સહકારી શિક્ષણને સુલભ અને ઉત્તેજક બનાવવા માટે અનુકૂળ, શુદ્ધ, પુનઃ કલ્પનાશીલ નવી વ્યૂહરચનાઓ વિકસાવી અને આ કો-ઓપ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં ચાલુ રહેશે!

## DD ડિપાર્ટમેન્ટ ઉજવે છે *"માર્ચ ફ્રેક"*

રુબરૂ શાળામાં સૌ પ્રથમ વખત માર્ચ બ્રેક જે "માર્ચ ફ્રેક" તરીકે ઓળખાય છે તેમાં પાયજામા દિવસ, જર્સી દિવસ, સેન્ટ પેટ્રીનો દિવસ, વિચિત્ર ટોપી દિવસ તથા બીચ દિવસ અને શુક્રવારે ડાન્સ પાર્ટીનો સમાવેશ થતો હતો. વિભાગ દ્વારા ત્રણ સવારનાં શુભેચ્છા ગ્રુપમાં ડાન્સની હરિફાઇ રાખી હતી અને વિદ્યાર્થીઓ ખૂબ જ વ્યસ્ત રહ્યા અને ખૂબ મજા કરી હતી!

## હોસ્પિટાલિટી જાય છે ડક કુકિંગ સ્કૂલમાં

અમારા VSS રાંધણ કાર્યક્રમના ભાગ રૂપે, શિક્ષક માઇકલ વર્ટીએ તેના વર્ગ માટે સંબંધિત વર્ચુઅલ ફીલ્ડ ટ્રિપ્સ ગોઠવી છે. 19 માર્ચે, હોસ્પિટાલિટીના વિદ્યાર્થીઓએ સ્ટોવિલમાં કિંગ કોલ ડક્સના ક્રિસ કન્ઝેલમેન સાથે ડક કૂકિંગના વર્ચ્યુઅલ પ્રદર્શનમાં ભાગ લીધો. ઉત્સાહી પ્રસ્તુતિનું કેન્દ્રિય સ્થાનિક, નૈતિક અને ટકાઉ ઉછેર હતો. રસોડાના સેટિંગમાં સફળ થવું હંમેશાં મુશ્કેલ હોય તેવા અભ્યાસક્રમની સૈદ્ધાંતિક અપેક્ષાઓ પ્રાપ્ત કરવા માટે હોસ્પિટાલિટીનું ઓનલાઇન બંધારણ એ એક ઉત્તમ વાતાવરણ છે.

આ માર્ગદર્શિત, વર્ચુઅલ યાત્રાઓ દ્વારા, વિદ્યાર્થીઓ સ્ફુર્તિલી અને સંવાદાત્મક પ્રવૃત્તિઓમાં રોકાયેલા રહે છે. વિદ્યાર્થીઓ વર્ચ્યુઅલ વાતાવરણમાં, શેફના ડેમો કિચનથી માંડીને જ્યાં તેઓ ઓનલાઇન રસોઈ ઉદ્યોગના ભાગીદારો સાથે વાતચીત કરવા સુધીના, વાસ્તવિક જીવનના અનુભવો મેળવે છે.

## *જમવાની વાત કરીએ તો...*

વિદ્યાર્થીઓ ઘરે હોઇ શકે છે, પરંતુ તેઓ હજી પણ આહારની પ્રયોગશાળાઓનો અનુભવ કરે છે! આમ તો તેઓ કેટલાંક જુદાં જુદાં સ્વરૂપો લે છે અને સલામતી હંમેશાં અગ્રક્રમે હોય છે, તેમ છતાં, ફેમિલી સ્ટડીઝ ફૂડ્સ પ્રોગ્રામ્સ (HFN, HFC and HFA) ના વિદ્યાર્થીઓ હજી પણ તેમના રસોઈ શોનો ભાગ બનશે. વિગન નાસ્તા, પીત્ઝા, એમ આંતરરાષ્ટ્રીય ખાદ્યપદાર્થોનો પ્રયાસ વર્ષભર કરવામાં આવ્યો છે. તંદુરસ્ત, ઘરનો ખોરાક તૈયાર કરવા અને પૌષ્ટિક આહારને પ્રોત્સાહિત કરવાના અમારા ભવ્ય લક્ષ્ય સાથે વિદ્યાર્થીઓ જે તૈયાર કરે છે તેમાં ઘણું લચીલાપણું હોય છે!

## વિશિષ્ટ શિક્ષણ વિભાગ ભાવિ આયોજન

VSSનો વિશિષ્ટ શિક્ષણ વિભાગ અનન્ય શિક્ષણની જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓને ટેકો આપવા ઉત્સાહપૂર્ણ છે અને વિદ્યાર્થીઓ પાસે કોડિંગ, પોડકાસ્ટિંગ, વિઝ્યુઅલ આર્ટ્સ, નૃત્ય અને સંગીતનો જેમાં સમાવેશ થાય છે એવી વિવિધ પ્રતિભાઓ છે.

ડિપાર્ટમેન્ટના હાલ ધ્યાન કેન્દ્રિત કરવાનાં ક્ષેત્રોમાં વિદ્યાર્થીની સુખાકારી, નિષ્પક્ષતા, સ્વ-હિમાયત અને પરિવર્તન છે અને તેઓ ગ્રેડ 11 અને 12 ના વિદ્યાર્થીઓ માટે માધ્યમિક પછીના માર્ગો વિશેનાં સત્રો પૂરા પાડવા પણ શોધી રહ્યા છે. શેરીડન કોલેજ અને યોર્ક યુનિવર્સિટીના પ્રતિનિધિઓ લર્નિંગ ડિસેબિલિટીઝ, ઓટિઝમ સ્પેક્ટ્રમ અને / અથવા શારીરિક અપંગતાવાળા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક પછીની સંસ્થાઓમાં સમર્થન અને રહેવાની સુવિધા વિશે વાત કરશે.

વિશિષ્ટ શિક્ષણના શિક્ષકો વિદ્યાર્થીઓની સફળતાને ટેકો આપવા પ્રતિબધ્ધ છે! શિક્ષણની વ્યૂહરચનાના વર્ગો વિદ્યાર્થીઓને તેમનું ભણતર બતાવવા માટેની નિરંતર, રચનાત્મક રીતો પ્રદાન કરે છે. એ ધ્યાનમાં રાખીને કે આપણા મોટાભાગના વિદ્યાર્થીઓ સપ્ટેમ્બરમાં રૂબરૂ શાળામાં પરિવર્તિત થશે, અમે ઇરાદાપૂર્વક વિદ્યાર્થીઓનું આત્મ-સન્માન અને સ્વ-હિમાયતની કુશળતાઓનું નિર્માણ કરીએ છીએ. જ્ઞાન એ શક્તિ છે!

અમે VSS માં તેમના શિક્ષણના ભાગીદારો તરીકે તેમનું પોતાનું શ્રેષ્ઠ કાર્ય કરવા માટે ભણનારાઓને પ્રોત્સાહિત કરવાનું ચાલુ રાખીએ છીએ.

## VSS ચર્ચા અને જાહેર પ્રવચન ક્લબ

ઓક્ટોબર 2020થી, લૉકડાઉનના આ સમયમાં વિદ્યાર્થીઓને વ્યસ્ત રાખવા અને વિદ્યાર્થીઓને અવાજ આપવામાં મદદ કરવા માટે એક સ્વપ્ન જન્મ્યું હતું. ધ્યેય હતું ચર્ચા અને જાહેર પ્રવચન ક્લબ અને શિક્ષકો દ્વારા VSS ઘોષણાઓ તથા મૌખિક જાહેરાત દ્વારા, ક્લબની શરૂઆત 180 વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવી હતી! ઘણા સમર્પિત શિક્ષકો પણ આગળ આવ્યા અને પ્રભાવશાળી 300 વિદ્યાર્થીઓ સાથે ક્લબ વિકસી છે!

આ ક્લબ સ્વ-અભિવ્યક્તિની ઘણી શૈલીઓ પ્રદાન કરે છે. ક્લબમાં અમારી પ્રથમ ભેટ બ્રિટીશ પાર્લામેન્ટરી / કેનેડિયન પાર્લામેન્ટરી ડિબેટ અને મોડેલ યુનાઇટેડ નેશન્સ ડિબેટ છે. ઓક્ટોબરથી માંડીને, અમે ત્રણ મોડેલ યુએન પરિષદો અને બે બ્રિટિશ પાર્લામેન્ટરી ડિબેટ ટૂર્નામેન્ટ્સ ચલાવી છે. અમારા TDSB VSS મોડેલ UNના વિદ્યાર્થીઓએ તાજેતરમાં સ્કારબોરો U of T ની  મોડેલ યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ (SMC) માં ચાર (!) એવોર્ડ જીત્યા. ક્લબના બ્રિટિશ પાર્લામેન્ટરી ચર્ચા કરનારાઓએ પણ હેલિફેક્સ વૉરિયર્સ કપમાં ભાગ લીધો હતો, જ્યાં અમે દસ ટીમો પ્રસ્તુત કરી હતી! અમે U of T અને ક્વીન્સ યુનિવર્સિટી ડિબેટ યુનિયનના શિક્ષક સલાહકારો અને બહારના ગુરુજનોની અમારી ટીમ સાથે બહુવિધ વર્કશોપ અને સેમિનારો પણ ચલાવીએ છીએ. એ અનુભવથી વિદ્યાર્થીઓ માત્ર પ્રબુદ્ધ જ નહીં, *સમૃદ્ધ* પણ થઇ રહ્યા છે!

ક્લબ દ્વારા વિદ્યાર્થી નેતાઓના ઉમેદવારોની સંપૂર્ણ યાદીની ચૂંટણી કરવામાં આવી છે જેમણે અમારી ક્લબના બંધારણ અને નિષ્પક્ષતા નીતિનો મુસદ્દો તૈયાર કરવાનો પ્રચંડ કાર્યબોજ લીધો છે અને ક્લબની જાહેર પ્રવચન શાખાને ત્રણ નવી શૈલીઓ પ્રદાન કરવાની જવાબદારી આપી છે: ટોસ્ટમાસ્ટર્સ, મંક ડિબેટ્સ અને સ્પોકન વર્ડ .

**શિક્ષક સલાહકારોના પ્રતિભાવો:**

*"અમે આશા રાખીએ છીએ કે જ્યારે રૂબરૂમાં પ્રત્યક્ષ શાળા ફરી શરૂ થાય, ત્યારે આ ક્લબ એવી શાળાઓ સુધી પહોંચી શકે કે જેમાં ડિબેટના શિક્ષક સલાહકારો નથી. આ કદાચ કશાક બહુ મોટાની શરૂઆત છે! "*
**- માર્ક વૂ**

*"વિદ્યાર્થીઓ જે શક્તિ અને ઉત્સાહ ચર્ચામાં લાવે છે તે વર્ચ્યુઅલ સ્કૂલને દર અઠવાડિયે વધુ સારી બનાવે છે. તેમની દલીલો સાંભળીને, દરેક ટુર્નામેન્ટમાં તેમનો વિકાસ જોવાથી મને યાદ આવે છે કે અમારા વિદ્યાર્થીઓ સર્જનશીલ અને ગહન, વિનોદી અને ખૂબ જ સ્થિતિસ્થાપક છે."*
**- ડેબી લેરેચ**

## ટૉપ ક્લબ સુધી પહોંચવું

વર્ચ્યુઅલ સ્કૂલે આ વર્ષે તેની પોતાની 'રીચ ફોર ધ ટોપ ક્લબ' આયોજિત કરી છે.

'રીચ ફોર ધ ટોપ' સાથે કેનેડાનો લાંબો ઇતિહાસ છે. 1961માં, બ્રિટિશ કોલમ્બિયાના CBC સાથે જોડાયેલો પ્રોગ્રામ બનાવ્યો, તેને યુકેના 'ટોપ ઓફ ધ ફોર્મ' શો પર આધારીત બનાવ્યો હતો. CBC એ આ શો આયોજિત કર્યો અને તેની લોકપ્રિયતામાં વધારો થયો. ખુદ એલેક્સ ટ્રેબેકે પણ થોડાં વર્ષો સુધી ટોરન્ટો પ્રોગ્રામનું  સંચાલન કર્યું હતું. સમગ્ર દેશમાં, હાઇસ્કૂલ શાળાઓની ટીમોને પડકારજનક પ્રશ્નોના જવાબો આપતી જોવા માટે પરિવારો દર સપ્તાહે ટીવી ચાલુ કરતા. સૌથી વધુ પોઇન્ટ મેળવનારી ટીમ જીતે.

VSSની 'રીચ ફોર ધ ટોપ' (RFTT) ક્લબના 200 વિદ્યાર્થીઓ અને આઠ સ્ટાફ માટે એક ઉત્તમ અનુભવ રહ્યો છે જેમણે જાન્યુઆરીમાં RFTT ટીમ બનાવી છે. સ્ટાફ પ્રાયોજક શ્રી ગોલ્ડબર્ગે તમામ ગ્રેડ સ્તરના વિદ્યાર્થીઓને 32 ટીમોમાં મૂક્યા - 16 સિનિયર અને 16 ઇન્ટરમિડિએટ. ત્યારબાદ ટીમોએ 'રીચ ફોર ધ ટોપ'ના ઇતિહાસની સૌથી મોટી ઇન્ટ્રામ્યુરલ રાઉન્ડ-રોબિન ટૂર્નામેન્ટ પૂર્ણ કરી -  કુલ 104 રમતો, જેમાં દર અઠવાડિયે લગભગ 15 રમતો ચાલતી.

માર્ચના મધ્યભાગ સુધીમાં, પ્લેઓફ્સ સમાપ્ત થાય છે અને ભાષણો, વર્ચ્યુઅલ એવોર્ડ્સ અને એક શિક્ષકે તૈયાર કરેલ ટ્રિવિયા *Kahoot* સાથે સમાપન સમારોહ પૂર્ણ થશે! આ વિચાર ભાગ લેનાર એક વિદ્યાર્થી તરફથી આવ્યો છે, જે આ પ્રસંગે બોલશે.